Prevention Of Crime Branch
Vadodara City
Press Note

**-: તા.૧૯/૧૨/૨૦૨૩ :-**

# કાપડ વેસ્ટની આડમાં લવાતો ઇગ્લીશ દારૂનો જથ્થો મળી કુલ્લે કીમત રૂપિયા ૩૧,૦૩,૭૬૦/- નો મુદામાલ ઝડપી પાડતી વડોદરા શહેર, પીસીબી.

**માનનિય, પોલીસ કમિશ્નરશ્રી, અનુપમ સિંહ ગહલૌત, સાહેબ,** તરફથી આગામી ૩૧ ડિસેમ્બર અનુસંધાને લીસ્ટેડ બુટલેગરો દ્વારા મોટા પ્રમાણમાં વિદેશી દારૂની હેરાફેરી કરી ગેરકાયદેસર વેચાણ કરવાના હેતુસર જથ્થો સંગ્રહ કરે તેવી શક્યતા હોય જેથી લીસ્ટેડ બુટલેગરોની પ્રવૃતિ ઉપર તેમજ આંતર જીલ્લા/રાજ્યોમાં હેરાફેરી કરવા વાળા તત્વો અંગે માહિતી મેળવી આ પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સારૂ **પોલીસ ઇન્સપેક્ટર, એસ.ડી.રાતડા પી.સી.બી.** વડોદરા શહેર નાઓને સુચના કરેલ હોય જે બાબતે તાબાના અધિકારી તથા કર્મચારીઓને ઉપરોક્ત પ્રવૃતિ બાબતે સફળ બાતમી મેળવી અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન કરેલ જે અનુસંધાને ટીમના માણસો દ્વારા પોતપોતાના બાતમીદારોને એક્ટીવ કરેલ દરમ્યાન પી.સી.બી.ના **હે.કો. દેવેન્દ્ર ચંદ્રકાંત તથા હે.કો. દિપેશસિંઘ નરેશસિંઘ** નાઓને બાતમી હકીકત મળેલ કે, "એક ટાટા ટ્રક નંબર યુ.પી.૭૪.ટી.૩૧૦૧ માં ઇગ્લીશ દારુનો જથ્થો ભરી હાલોલ તરફથી અમદાવાદ તરફ જઇ રહેલ છે અને થોડીવાર માં ગોલ્ડન ચોકડીથી ટ્રક પસાર થનાર છે." જે હકીકત આધારે ગોલ્ડન ચોકડી પાસે ટાટા ટ્રકમાં વેસ્ટ કોટન રેપર્સ (જુના ગાભા ભરેલ થેલા) ની આડમાં રાખેલ ઇંગ્લીશ દારૂના જથ્થા સાથે એક ઇસમને ઝડપી પાડી હરણી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહીબીશન એકટ અનવ્યે ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

## √ પકડાયેલ આરોપીનુ નામ સરનામુ:-

અફઝલ ઝાકીરહુશેન મેવ રહે, ઢાકલપુર ગામ ભાજબા વાલી ગલી તા.હાથીન જી.પલવલ હરીયાણા

## √ વોન્ટેડ આરોપીનુ નામ સરનામુ:-

અજરૂદ્દીન નિયામતઅલી મેવ રહે, ઢાકલપુર ગામ રસોલીયા મહોલ્લો મસ્જીદ પાસે તા.હાથીન જી.પલવલ હરીયાણા

## √ કબજે કરેલ મુદામાલ:-

(૧) ભારતીય બનાવટનો વિદેશી દારૂની પેટી નંગ – ૪૩૪, (બોટલ નંગ – ૬૩૬૦) કીમત રૂપિયા ૨૦,૮૩,૨૦૦/-

(૨) એક ટાટા ટ્રક કીમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦/-

(૩) રોકડા રૂપિયા ૧૦,૫૬૦/-

(૪) ઇનવોઇસ, ઇવેબીલ, ડીઝલની સ્લીપો કીમત રૂપિયા ૦૦/-

(૫) મોબાઇલ ફોન નંગ – ૦૧ કીંમત રૂપિયા ૧૦,૦૦૦/-

(૬) વેસ્ટ કોટન રેપર્સના (જુના કપડાના ગાભા) થેલા નંગ-૧૭૫ કીંમત રૂપિયા ૦૦/-

**કુલ્લે કીમત રૂપિયા ૩૧,૦૩,૭૬૦/- નો મુદામાલ કબજે કરેલ છે.**

**નોંધ :-** **પોલીસ કમિશ્નર સાહેબ શ્રી દ્વારા દારૂની પ્રવૃતિ કરતા ઇસમો વિરૂધ્ધ સખતમાં સખત કાર્યવાહી કરવાની સુચના આધારે પી.સી.બી. દ્વારા છેલ્લા વીસ દિવસમાં ઇંગ્લીશ દારૂ ભરેલ કુલ પેટી નંગ - ૨૨૩૧ (બોટલ નંગ – ૮૭,૮૧૬) કીંમત રૂપિયા ૧,૦૭,૦૮,૮૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ્લે કીંમત રૂપિયા ૧,૩૭,૫૫,૭૬૦/- નો મુદામાલ કબજે કરવામાં આવેલ છે. તેમજ હાલમાં પણ ઉપરોકત ગેરકાયદેસર દારૂની પ્રવૃતિને નેસ્તનાબુદ કરવા માટેની કાર્યવાહી ચાલુ છે.**

## √ સારી કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારીઓ:-

ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેકટર એસ.ડી.રાતડા, તથા પો.સ.ઇ એસ.આર.પટેલ તથા સ્ટાફના હે.કો. દેવેન્દ્ર ચંદ્રકાંત, હે.કો. દિપેશસિંઘ નરેશસિંઘ, હે.કો. રાજેન્દ્રસિંહ ભીમસિંહ, હે.કો. હેમરાજસિંહ ઇન્દ્રસિંહ, હે.કો. પુષ્પેન્દ્રસિંહ ઉદેસિંહ, પો.કો. કલ્પેશભાઇ કરશનભાઇ નાઓએ સદર સારી કામગીરી કરેલ છે.